**રાજ્ય સરકારના બોર્ડ /કોર્પોરેશનના સરકારના નિયામકો / સભ્યો અને વહીવટી સંચાલકોને ગુજરાત તકેદારી આયોગના કાર્યક્ષેત્ર હેઠળ લાવવા બાબત.**

**ગુજરાત સરકાર,**

**ગૃહ વિભાગ**

ઠરાવ ક્રમાંકઃ એસવીસી-૧૦૭૫-૧૫૯૦-હ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, તા.૧/૬/૧૯૯૯

વંચાલે લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ- એસવીસી-૧૦૬૪/ગ, તા.૧૭-૪-૬૪

(૨) ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસવીસી-૧૦૭૫/૧૫૯૦/હ, તા.૯/૭/૭૫.

(૩) ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસવીસી-૧૦૭૫/૧૫૯૦/હ, તા.૧૯/૫/૯૦.

પ્રસ્તાવનાઃ-

ગુજરાત સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશનના અધ્યક્ષ / ઉપાધ્યક્ષ, વહીવટી સંચાલક, નિયામક અને સભ્યો વિરૂદ્ધના આક્ષેપોની તપાસ કરાવવાની બાબતે ગૃહ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા.૯-૭-૭૫ના ઠરાવથી તકેદારી આયોગના કાર્યક્ષેત્રમાં આવતી હતી. પરંતુ સને ૧૯૮૬થી લોકાયુક્ત અસ્તિત્વમાં આવતાં બોર્ડ / કોર્પોરેશનના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સામેના આક્ષેપોની તપાસ કરવાની સત્તા લોકાયુક્તને આપતાં તા.૯-૭-૭૫ના ઠરાવમાં સુધારો કરીને સંદર્ભમાં દર્શાવેલ તા.૧૯-૫-૯૦ના ઠરાવથી બોર્ડ / કોર્પોરેશનના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સામેના આક્ષેપોની તપાસ કરવાની સત્તા તકેદારી આયોગની રહેતી નથી તેવું ઠરાવેલ છે. પરંતુ બોર્ડ /કોર્પોરેશનના વહીવટી સંચાલક, નિયામક અને સભ્યોની સામેના આક્ષેપોની બાબતે તકેદારી આયોગને સત્તા નથી જે બાબત સરકારની વિચરણા હેઠળ હતી.

**ઠરાવ**

ઉપર્યુકત વિગતે સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છેઃ-

(૧) રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશનના ''સરકારી'' નિયામકો / સભ્યો (એટલે કે એવા નિયામક / સભ્યો કે જેઓ સરકારી નોકરીમાં ચાલુ છે અને પ્રતિનિયુક્તિથી સંબંધિત બોર્ડ / કોર્પોરેશનમાં ફરજો બજાવે છે) ને આથી ગુજરાત તકેદારી આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ મૂકવામાં આવે છે.

(૨) રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન ''વહીવટી સંચાલકો'' કે જેઓ સરકારી લેવામાં ચાલુ છે અને સંબંધિત બોર્ડ / કોર્પોરેશનમાં પ્રતિનિયુક્તિ ઉપર છે, તેઓને ગુજરાત તકેદારી આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ મૂકવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સી.બી.ત્રિવેદી**

ઉપસચિવ,

ગુહ વિભાગ, ગુજરાત સરકાર.